જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૬/૨૦૧૫ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૧૨૪૮/૧૫

## બે લબર મુછીયા ચેઇન સ્નેચરોને પકડી પાડતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ.

નાયબ પોલીસ કમિશ્નર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓએ આપેલ માર્ગદર્શન હેઠળ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી ક્રાઇમ બ્રાન્ચ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી સાયબર ક્રાઇમ સેલ નાઓની સુચના મુજબ પો.સ.ઇ શ્રી રાજેશ સુવેરા નાઓ અમદાવાદ શહેરમાં બનતા મિલકત ગુન્હાઓ શોધી કાઢવા સારુ પેટ્રોલીંગમાં નિકળેલ દરમ્યાન મળેલ ચોકક્સ બાતમી હકિકત આધારે બે ઇસમો (૧) મોહસીન ઉર્ફે બોબડો S/O નુરમોહંમદ શાહ (ફકિર) ઉવ.૨૩ ધંધો મજુરીકામ રહે.બ્લોક નં.૧ બીજા માળે, સલાટનગર અંબીકામીલ પાસે ખોખરા બ્રિજની પાસે ગોમતીપુર અમદાવાદ શહેર (૨) મોહંમદનવાજ મોહંમદસબ્બીર અંસારી ઉવ.૨૦ ધંધો નોકરી રહેવાસી રહે.બ્લોક નં.૬, ગ્રાઉન્ડ ફલોર, સલાટનગર અંબીકામીલ પાસે ખોખરા બ્રિજની પાસે ગોમતીપુર અમદાવાદ શહેર નાને હિરોહોન્ડા પેશન મોટર સાયકલ નંબર GJ01FK8054 તથા સોનાની ચેઇન સાથે પકડી પાડેલ.

પકડાયેલ બંને આરોપીઓની સઘન પુછપરછ કરતાં તેઓની પાસેથી મળી આવેલ ચેઇન સદરી બંનેએ મળી આજથી એકાદ માસ અગાઉ મણીનગર વિસ્તારમાં એક બહેનના ગળામાંથી તોડેલ હોવાની કબુલાત આપેલ છે જે વખતે આ કામનો આરોપી નવાજ મોટર સાયકલ ચલાવતો હતો અને મોહસીન ઉર્ફે બોબડો પાછળ બેઠેલ હતો અને નવાજે એક બેન પાસે જઇ મોટર સાયકલ ધીમી કરતાં પાછળ બેઠેલ મોહસીને આ બેનના ગળામાંથી સોનાની ચેઇન તોડી લીધેલ અને આ તેજ ચેઇન હોવાનુ જણાવેલ છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)